# નોકરી કરતા હોવા છતાં ખેતીમાં પૂરતો સહયોગ આપતા મધુબેન

| | | |
|---|---|---|
|  | નામ | શ્રીમતિ મધુબેન નિતીનભાઇ ગોધાણી |
| | ગામ | મહેતા ખંભાળીયા |
| | તાલુકો | ગોંડલ |
| | જિલ્લો | રાજકોટ |
| | ઉંમર | ૩૯ વર્ષ |
| | અભ્યાસ | બી.એ. (સંસ્કૃત) |
| | જમીન | ૧૫ વિધા |
| | નોકરી | આરોગ્યય વિભાગ઼દેરડી કુંભાજી |

સ્ત્રીય અને પુરૂષ એ આમતો ગાડાના બે પૈડા સમાન છે. ગોંડલ તાલુકાના મહેતા ખંભાળીયા ગામે રહેતા મધુબેન નિતીનભાઈ ગોધાણી બી.એ. (સંસ્કૃમત) પાસ થયા હોવા છતાં તેમના પતિને ખેતીમાં પૂરતો સાથ આપે છે. ૩૯ વર્ષના મધુબેન પાસે ૧૫ વિધા જમીન છે. તેઓ આરોગ્યસ વિભાગમાં દેરડી કુંભાજી ખાતે ફરજ બજાવે છે. તેમાંથી સમય કાઢીને ખેતીમાં પણ પરિવાર સાથે પૂરતો સમય ફાળવે છે.

ખેતીની કોઈપણ વાત મધુબેનને કરો તો કડકડાટ તે બોલી જાય છે અને ખેતીનાં વાવેતરથી માંડીને વેચાણ સુધી રસ દાખવીને પૂરતા ભાવ પણ મેળવે છે. તેઓએ કૃષિ યુનિવર્સિટી , જૂનાગઢ ખાતે સેન્ટર ઓફ કોમ્યુ નિકેશન નેટવર્ક યોજના હેઠળ તાલીમ લઈને યુનિવર્સિટીના તજજ્ઞોની ભલામણ પ્રમાણે તેઓ પોતાના પતિને ખેતી કરવાનું સુચવે છે અને ઓછા ખર્ચે વધુ આવક મેળવતા થયા છે. તેઓ ઉચ્ચજ ગુણવતાવાળુ બીજ મેળવીને પટ્ટ આપીને જ વાવે છે. પોતાની મગફળીનું તેલ કાઢી ડબામાં પેક કરી વેચે છે તેના તેમને ભાવ સારા મળે છે. કારણ કે તે ભેળસેળ વગરનું હોય છે. આમ જોઈએ તો સામાન્યઢ ખેડૂત જે ઉત્પાદન લે છે તેનાં કરતા તેઓ ૧૫ થી ર ૦ ટકા જેટલું વધુ ગુણવતાયુકત ઉત્પા.દન કરે છે તેથી તેમને સારા એવા ભાવ બજારમાં મળે છે. તેમની પાસે સારી ઓલાદની ગાય-ભેંસ છે અને દૂધ મંડળીમાં દુધ ભરીને આશરે ૩૦૦૦ થી ૪૦૦૦ જેવી આવક મેળવે છે. તેઓ છાણીયું ખાતર દર વર્ષે ખેતીમાં નાખે છે. જરૂર પડયે જ રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે છે. આમ , પોતે નોકરી કરતા હોવા છતાં ખેતીમાં રસ દાખવીને બીજા બહેનોને પ્રેરણારૂપ બન્યાસ્છે.